For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


અંબિકાનિકેતન પાર્લેપોઇન્ટ
(તસવીર : સતીષ જાદવ)

# તહેવારોની સિઝન વખતે જ શાકભાજીના ભાવો આસમાને

**વાતાવરણની** અનિયમિતતાને લીધે પાક ઓછો ઉતરતા શાકભાજીના ભાવો વધ્યા: બાબુભાઈ શેખ

સુરતઃ નવરાત્રીથી દિવાળી સુધીના તહેવારોની સિઝન શરૂ થઈ છે. ત્યારે નવરાત્રી પૂર્વે જ તેહવારોની સિઝનમાં રીંગણ, પાપડી, ગુવાર, તુવેર, ચોળી, કારેલા સહિતની શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. સુરત એપીએમસી. ના ડિરેક્ટર બાબુભાઈ શેખ કહે છે કે, ચાલુ ચોમાસા સિઝનમાં માફકસર વરસાદ પડ્યો નથી. ઓછો વરસાદ,વધુ ગરમી સહિત વાતાવરણની અનિયમિતતાને લીધે પાક ઓછો ઉતરતા શાકભાજીના ભાવો વધ્યા છે. ભાવ વધારાનું એક કારણ નવરાત્રીથી દિવાળી સુધીની સિઝનમાં શાકભાજીનો વપરાશ વધુ રહેતો હોવાથી ડિમાન્ડ સામે સપ્લાયનો પ્રશ્ન પણ ઊભો થાય છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં સમયસર અને માફકસર વરસાદ નહીં પડતા ખેડૂતોના ખેતરોમાં

અનુસંધાન પાના ૯ પર

## ગુજરાત ,મહારાષ્ટ્રમાં ઓછો વરસાદ પડતા સરદાર માર્કેટ યાર્ડમાં ક્વોલિટી લીંબુની અછત

ચાલુ વર્ષે ચોમાસા સિઝનમાં ગુજરાત ,મહારાષ્ટ્રમાં ઓછો વરસાદ પડતા સુરત એપીએમસીના સરદાર માર્કેટ યાર્ડમાં ક્વોલિટી લીંબુની અછત જોવા મળી છે.સુરત એપીએમસી ના ડિરેક્ટર બાબુભાઈ શેખ એ જણાવ્યું હતું કે, "માર્કેટમાં મોટા પાતળી છાલના રસદાર લીંબુ સારી ક્વોલિટીના આવી રહ્યાં નથી. સુરત એપીએમસી.માં નાની અને મિડલ ક્વોલિટીના લીંબુનો 20 કિલો એટલે કે મણ લીંબુનો ભાવ 1500 થી 2500 રૂપિયા બોલાયો

અનુસંધાન પાના ૯ પર

### એક મહિનામાં કઈ શાકભાજીના કેટલા ભાવો વધ્યા?

| શાકભાજી | 11સપ્ટે.નો ભાવ | 11 ઓક્ટો.નો ભાવ (20 કિલોનો) |
|---|---|---|
| રીંગણ | 200 - 500 | 1000-1200 |
| પાપડી | 400 - 700 | 1200 - 1500 |
| ગુવાર | 1000 -1300 | 1300 - 1800 |
| તુવેર | 1000-1200 | 1000 - 1400 |
| ચોળી | 600-650 | 1000 -1300 |
| કારેલા | 200-300 | 300 - 450 |
| વટાણા | 1000 - 1400 | 2000 -2500 |


(તસવીર : સતીષ જાદવ)
જૂના અંબાજી, અંબાજી રોડ

# નવરાત્રિના પ્રથમ દિવસે જ મંદિરોમાં આસ્થાનું ઘોડાપૂર

**અંબિકા** નિકેતન અને અંબાજી મંદિરમાં વહેલી સવારથી દર્શન માટે ભક્તોની કતારો

સુરતઃ શક્તિ ઉપાસનાના મહાપર્વ નવરાત્રિના પ્રથમ દિવસે જ સુરતના મંદિરોમાં આસ્થાનો મહેરામણ ઉમટ્યો હતો. અંબિકા નિકેતન અને અંબાજી મંદિર સહિત શહેરના વિવિધ મંદિરોમાં વહેલી સવારથી જ માતાજીના દર્શન માટે ભાવિકભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવવા માટે શ્રદ્ધાળુઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

નવરાત્રિ દરમિયાન મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોવાથી ભીડનું નિયંત્રણ અને શ્રદ્ધાળુઓની સુરક્ષા મંદિર પ્રશાસન માટે મહત્ત્વપૂર્ણ બની છે. પ્રથમ દિવસથી જ ભક્તોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અંબિકા નિકેતન અને અંબાજી મંદિરમાં સુરક્ષા વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. દર્શન દરમિયાન ધક્કામુક્કી ન થાય અને ભક્તોને સરળતાથી દર્શનનો લાભ મળી રહે તે માટે સુરક્ષા કર્મચારીઓની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો. મંદિર પરિસરમાં ભક્તોની અવરજવર દરમિયાન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પણ જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું. બીજી તરફ, દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓને તડકામાં લાંબો સમય ઊભા રહેવાને કારણે મુશ્કેલી ન પડે તે હેતુથી મંદિર પરિસરમાં મંડપ બાંધીને રાહત આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને પરિવાર સાથે દર્શનાર્થે આવતા ભક્તો માટે સુવિધાજનક વ્યવસ્થા

અનુસંધાન પાના ૯ પર

# બાઈક, ફ્રિજની માંગણી કરી પરિણીતાને મારઝૂડ કરતાં ગર્ભ પડી ગયો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં લગ્નને માંડ બે મહિના થયાં હોય ત્યાં જ પતિ અને સાસરિયાઓએ પિયરમાંથી મોટરસાઈકલ અને ફ્રિજ તેમજ વધુ દહેજની માંગણી કરી યુવતીને ઢોર માર માર્યો હતો અને રંગરૂપ અંગે મ્હેણા ટોણા મારી માનસિક ત્રાસ ગુજાર્યો હતો. એટલું જ નહીં, મારઝૂડના કારણે સગર્ભા યુવતીનો ગર્ભ પણ પડી ગયો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતાં ડિંડોલી પોલીસે પતિ સહિત ચાર સાસરીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે. ડિંડોલી ગોવર્ધન નગર-૧ રામીપાર્ક પાસે રહેતી ૨૨ વર્ષીય યુવતીના લગ્ન ગત ૨૭ એપ્રિલ ૨૦૨૬ ના રોજ શિવમ લક્ષ્મીકાંત મિશ્રા સાથે થયા હતા. લગ્ન સમયે પિતાએ રૂ.૪ લાખ રોકડા અને ઘરવખરીનો સામાન આપ્યો હતો. જો કે, લગ્નના થોડા દિવસો બાદ જ પતિ શિવમ,

અનુસંધાન પાના ૯ પર

# AIથી યુવતી અને તેની માતાના ન્યૂડ ફોટા બનાવ્યા

**ફેક** ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવી અશ્લીલ પોસ્ટ મુકનારી મંગેતરની પૂર્વ પ્રેમિકા ભૂમિકા ધુલિયાની ધરપકડ



સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રહેતી યુવતી અને તેની માતાના મોર્ફ કરેલા AI જનરેટેડ અશ્લીલ ન્યૂડ ફોટા તથા વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો અત્યંત શરમજનક મામલો સામે આવ્યો છે. મંગેતરની પૂર્વ પ્રેમિકા દ્વારા જ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

ડિંડોલીની એક રેસિડેન્સીમાં રહેતી યુવતીના ગત ૩૦ ઓગસ્ટના રોજ યુવક સાથે સમાજના રીતિ-રિવાજ મુજબ સગાઈ થઈ હતી. સગાઈ બાદ ગત ૨૪ સપ્ટેમ્બરથી અલગ-અલગ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી (જેવા કે Vicky^aagale અને bharatdesai39107) પર યુવતી અને તેના મંગેતરના ફોટા અપલોડ કરવામાં આવ્યા હતા. બાદમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ યુવતી વિશે અભદ્ર શબ્દો લખી સ્ટોરી મુકવામાં આવી હતી. એટલું જ નહીં, ગત ૧ ઓક્ટોબર અને ૧૦ ઓક્ટોબરે યુવતી તેમજ તેની માતાના AI જનરેટેડ ન્યૂડ ફોટા અને વિડીયો વાયરલ કરવામાં આવ્યાં હતા.

સઘન તપાસ બાદ ખુલાસો થયો હતો કે વિક્કી સાથે અગાઉ છ વર્ષ સુધી રિલેશનશિપમાં રહેલી ભૂમિકા ધર્મેશભાઈ ધુલિયા (રહે., ગુજરાત વોટર પાઈપ રોડ, સુરત) દ્વારા અદાવત રાખી આ ફેક આઈડી બનાવવામાં આવી હતી અને માતા-પુત્રીની છબી ખરડવા માટે AI નો દુરુપયોગ કરી અશ્લીલ કન્ટેન્ટ વાયરલ કરવામાં આવ્યું હતું.

પીડિત યુવતીએ પ્રિન્ટઆઉટ પુરાવા સાથે ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી ભૂમિકા ધુલિયા સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# ડૉ. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં બે મહિલા તબીબની ધરપકડ



**ભાવનગરના** કાળિયા બીડ અને અમરેલીના રાજુલામાં રહેતી આરોપીઓ ઝડપાઈ

**અન્ય** બે આરોપીને પકડવા પોલીસની અલગ-અલગ ટીમો કાર્યરત

## પ્રાથમિક રિપોર્ટ અને વોટ્સએપ ચેટ-કમ્યુનિકેશનના પુરાવા રજૂ કરાયા

પોલીસ તપાસમાં બે મુખ્ય પ્રકારના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે, જેમાં એક રેગિંગ કમિટીનો પ્રાથમિક રિપોર્ટ અને બીજું અન્ય તબીબો દ્વારા આપવામાં આવેલી વોટ્સએપ ચેટ તથા કમ્યુનિકેશનનો સમાવેશ થાય છે, જેમાં ભોગ બનનારને થતી તકલીફો સામે આવી હતી. મૃતકનું એડમિશન માર્ચ-એપ્રિલ મહિનામાં થયું હોવાથી પ્રાથમિક રીતે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી તેમને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હતો.

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના ન્યુ પી.જી. હોસ્ટેલમાં ડૉ. હર્ષ પંડ્યાએ આત્મહત્યા કરી લેવાના ચકચારી કેસમાં ખટોદરા પોલીસે બે મહિલા તબીબ આરોપીઓની ધરપકડ કરી છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે ચાર આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાંથી ભાવનગર અને અમરેલીની બે મહિલા તબીબોને ઝડપી લેવામાં આવી છે, જ્યારે અન્ય બે આરોપી હજી પોલીસ પકડથી દૂર છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ન્યુ પી.જી. હોસ્ટેલના પોતાના રૂમમાં ડૉ. હર્ષ પંડ્યાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે ફેક્ટ-ફાઈન્ડિંગ અને મેડિકલ કમિટીના રિપોર્ટમાં પ્રાથમિક દ્રષ્ટિએ રેગિંગ થયું હોવાનું સામે આવ્યું હતું. તેના આધારે મૃતકના પિતાએ 15 ઓગસ્ટના રોજ ચાર તબીબો વિરુદ્ધ એટ્રોસિટી અને દુષ્પ્રેરણનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જે બાદ તપાસ કરી રહેલી પોલીસને બાતમી મળી હતી કે, ડૉ. દીશિતા ઘેવરિયા (ઉ.વ.૨૫, રહે., સી/૧૩૦૭, જ્ઞાનગુરુ વિદ્યાપીઠની સામે, કાળિયા બીડ, ભાવનગર) અને ડૉ. હિનાબેન ભૂત (ઉ.વ.૨૭, રહે., ભાલચંદ્ર આર. મહેતાનું ઘર, ભરતનગર સોસાયટી, સરસ્વતી સ્કૂલની બાજુમાં, છતડિયા રોડ, રાજુલા, જિ.અમરેલી) રવિવારના રોજ સવારે સુરતમાં સગાને ત્યાં આવવાના છે. જેથી પોલીસે બાતમીના આધારે વહેલી સવારે સુરત આવતા જ બંને તબીબ મહિલાને પકડી લીધી હતી. બંનેની ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે

અનુસંધાન પાના ૯ પર

# નવરાત્રિ પછી છૂટાછવાયો વરસાદ પડવાની આગાહી

**સુરતમાં** ગરમીનો પ્રકોપ યથાવત્, મહત્તમ તાપમાન 36.2 ડિગ્રી

સુરતઃ સુરત શહેરમાં ગરમી અને બફારાનું પ્રમાણ યથાવત્ રહેતા શહેરીજનો મુશ્કેલી અનુભવી રહ્યા છે. શહેરમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હોવા છતાં ગરમીથી ખાસ રાહત મળી નથી. એક તરફ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ગરમી અને બફારાની સ્થિતિ જોવા મળી રહી છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગની સંભવિત વરસાદ અંગેની આગાહીએ ધ્યાન ખેંચ્યું છે.

હાલની માહિતી અનુસાર, નવરાત્રિ દરમિયાન વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી નથી, પરંતુ નવરાત્રિ પૂર્ણ થયા બાદ દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા વરસાદ અંગેની ચોક્કસ આગાહી આવતા અઠવાડિયે કરવામાં આવી શકે છે. તે સમયે વરસાદની સંભાવના, તેની અસર અને દક્ષિણ ગુજરાતના કયા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે તે અંગે વધુ સ્પષ્ટ ચિત્ર સામે આવવાની શક્યતા છે.

આજે સુરતમાં મહત્તમ તાપમાન 36.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રીના વધારા સાથે 25.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાં ભેજનું પ્રમાણ 51 ટકા રહેવા ઉપરાંત પવનની ગતિ પણ મંદ હોવાથી વાતાવરણમાં બફારો અનુભવાયો હતો. પરિણામે તાપમાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં લોકોને અસહ્ય ગરમીનો અહેસાસ થયો હતો. સુરત શહેરમાં હવામાનની સ્થિતિમાં આંશિક ફેરફાર જોવા મળ્યો છે. મહત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાતા મહત્તમ તાપમાન 36.2 ડિગ્રી સેલ્સિયસ રહેતા બપોરના સમયે ગરમીનો અનુભવ યથાવત્ રહ્યો હતો. બીજી તરફ, લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને 25.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમી અને રાત્રિના સમયે ગરમ વાતાવરણને કારણે શહેરીજનોને ખાસ રાહત મળી નહોતી.


બેસણું



દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પુત્ર હિરેનભાઈ પરસોત્તમભાઈ પટેલ ભાદરવા વદ અમાસ શનિવાર તા. ૧૦-૧૦-૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે સદ્દગત નું બેસણું તા. ૧૨-૧૦-૨૦૨૬ ને સોમવારે સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ કલાકે રાખેલ છે.

સ્વ. હિરેનભાઈ પરસોતમભાઈ પટેલ
જન્મ તા. ૨૦-૧૧-૧૯૮૬
સ્વ. ૧૦-૧૦-૨૦૨૬

લિ.
સ્વ. પરસોત્તમભાઈ સોમાભાઈ પટેલ - ગં.સ્વ. જસુબેન પરસોત્તમભાઈ પટેલ
ગં.સ્વ. ગ્રીષ્માબેન હિરેનભાઈ પટેલ (પત્ની)
કુશકુમાર હિરેનભાઈ પટેલ (પુત્ર)
ઝીવાકુમારી હિરેનભાઈ પટેલ (પુત્રી)
ભીખુભાઈ પરસોત્તમભાઈ પટેલ (ભાઈ)
અલ્પાબેન ભીખુભાઈ પટેલ (ભાભી)
ડેમીનકુમાર ભીખુભાઈ પટેલ (ભત્રીજો)
કિસ કુમાર ભીખુભાઈ પટેલ (ભત્રીજો)

સ્થળ : નીશાળ ફળિયુ, અંબાજી મંદિરની પાસે, ભીમરાડ ગામ, સુરત. મો.: ૯૮૭૯૭ ૦૫૯૮૯

ભાવભીની માસિક શ્રદ્ધાંજલિ



સ્વ. અમિષભાઈ પટેલ
સ્વ.તા. ૧૨-૦૯-૨૦૨૬

આજે તમને અમારાથી વિદાય લીધે એક મહિનો થઈ ગયો,
પણ આજે પણ મન માનવા તૈયાર નથી કે તમે અમારી વચ્ચે નથી.
એક અકસ્માતે તમારી જિંદગી છીનવી લીધી, પરંતુ તમારી યાદો,
તમારો પ્રેમ અને તમારી સાથે વિતાવેલી સુંદર પળો હંમેશાં અમારા હૃદયમાં જીવંત રહેશે.
સમય કદાચ આગળ વધી જશે, પણ તમારી ખોટ ક્યારેય પૂરી નહીં થાય.
એક મહિનો વીતી ગયો, છતાં યાદો તાજી છે, તમારા વિના દરેક ખુશીમાં ક્યાંક ઉદાસી છે.
નથી તમે નજર સામે, છતાં દિલની નજીક છો,
અમિષભાઈ, તમે આજે પણ અમારી યાદોમાં જીવંત છો.
ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાંતિ આપે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.
ૐ શાંતિ
અમિષભાઈ પટેલને કોટિ કોટિ વંદન અને ભાવભીની શ્રદ્ધાંજલિ.

લિ.
સંજય ડી. પટેલ
માંશકિત પરીવાર
રાધેક્રિષ્ના ગૃપ

॥ પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ ॥



સ્વ. અમિષભાઈ
ગણપતભાઈ પટેલ
જન્મ તા. ૧૭/૦૪/૧૯૮૦
સ્વ.તા. ૧૨/૦૯/૨૦૨૬

અમારા અત્યંત પ્રિય અને નિકટના મિત્રની અચાનક અને આઘાતજનક વિદાયથી અમારું સમગ્ર મિત્રવર્તૂળ સ્તબ્ધ અને શોકમગ્ન છે. કલ્પના પણ નહોતી કે કુદરત આપણામાંથી આ રીતે એક હસતો-રમતો અને જીવંત સ્વભાવનો મિત્ર છીનવી લેશે.

લિ.
શૈલેષભાઈ ઈશ્વરભાઈ પટેલ
પરેશભાઈ રાજેન્દ્રભાઈ પટેલ
દિનેશભાઈ રામુભાઈ પટેલ
નેહલ શાંતિલાલ પટેલ
ગામ સરોલી, તા. ઓલપાડ, જી. સુરત.

તળપદા કોળી પટેલ અવસાન-દુઃખદ બેસણું



સ્વ. મેહુલકુમાર
બાલુભાઈ પટેલ
સ્વ.તા:૧૧-૧૦-૨૦૨૬
(મુળ માસમા,તા.ઓલપાડ)
હાલ રહે-પાલનપુર પાટીયા-સુરત

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઇશ્રી/પિતાશ્રી મેહુલકુમાર બાલુભાઇ પટેલનું દુઃખદ અવસાન તા-૧૧-૧૦-૨૦૨૬ ને રવિવારના રોજ થયેલ છે.પ્રભુ સદ્દગતના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

દુઃખદ બેસણુંઃ
તાઃ ૧૩-૧૦-૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે-૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન અમારા સુરત મુકામેના નીચે મુજબના નિવાસસ્થાને રાખેલ છે. તા.ક.-લૌકિક રિવાજ સંદતર બંધ છે.

લિ.શોકાતુર પરિવારજનો.
સંકેતકુમાર બાલુભાઈ પટેલ (ભાઈ) | નિર્મલકુમાર બાલુભાઈ પટેલ (ભાઈ)
નીલ મેહુલકુમાર પટેલ (પુત્ર) | આર્યન મેહુલકુમાર પટેલ (પુત્ર)
તથા સમસ્ત પરિવારજનો.

નિવાસ સ્થાનઃ-૧૪૮,કૃષ્ણકુંજ સોસાયટી,રામનગર BSNL ઓફિસની ગલીમાં,પાલનપુર પાટીયા-સુરત

પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ



સ્વ. અમિષભાઈ
ગણપતભાઈ પટેલ
જ.તા. ૧૭-૦૪-૧૯૮૦
સ્વ.તા. ૧૨-૦૯-૨૦૨૬

પરીવારના સ્તંભ સમાન, આપના ધીર ગંભીર અને નિખાલસ સ્વભાવ અમારા હૃદયમાં હર હંમેશ ગુંજતો રહેશે..
પુત્ર અને પુત્રી એ પિતા ના છાંયડો ગુમાવ્યો છે.. જે ખૂબ જ દુઃખદ છે..
ભગવાન આ દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી માસિક પુણ્યતિથિએ અમારી ભાવનાત્મક શ્રધાંજલિ...

લી.. શોકાતુર પરિવાર
ગં.સ્વ રશ્મિતાબેન અમીષભાઈ પટેલ (પત્ની)
હેત અમિષભાઈ પટેલ (પુત્ર)
ધ્રુવી અમીષભાઈ પટેલ (પુત્રી)
નલિનભાઈ ગણપતભાઈ પટેલ (ભાઈ)
(ઉપાધ્યક્ષ શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરત)
(મંત્રીશ્રી તળાદ વિભાગ કેળવણી મંડળ)
ડિરેક્ટરઃ ઓલપાડ ગ્રુપ કો - ઓ. તુવેર એન્ડ ભોંયસિંગ સેલ સોસાયટી લિ..
ડિરેક્ટરઃ ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ)
ગણપતભાઈ દલપતભાઈ પટેલ (પિતા)
ચંદનબેન ગણપતભાઈ પટેલ(માતા)
પ્રીતિ નલીનભાઈ પટેલ(ભાઈની પત્ની)
ધર્મેશભાઈ ગણપતભાઈ પટેલ (ભાઈ)
સ્નેહલ ધર્મેશભાઈ પટેલ (ભાઈ ની પત્ની)
સરવિલ, યાર્મી, દિશાંત, દેવર્ષ
(ભત્રીજા ભત્રીજી)
ગામ સરોલી, (સુરત ઓલપાડ મુખ્ય માર્ગ) તા. ઓલપાડ, જી. સુરત

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.અ.સૌ. કોકીલાબેન ઉપેન્દ્રભાઈ હાથીવાલા
સ્વ.તા.૧૨-૧૦-૨૦૨૫ | આસો વદ છઠ
તમારું જીવન અમારી વચ્ચે નથી રહ્યુ પરંતુતમારી સ્મૃતિ હર હંમેશ અમારા હૈયે કોતરાયેલી રહેશે. .અમોને આજીવન આપની ખોટ અનુભવાશે.
જ્યાં સુધી જીવાશું ત્યાં સુધી હરપળે તમને યાદ કરતા રહીશુ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

લિ.
ઉપેન્દ્રભાઈ રતિલાલ હાથીવાલા
કાર્તિક ઉપેન્દ્રભાઈ હાથીવાલા(પુત્ર) | તુલસી કાર્તિક હાથીવાલા(પુત્રવધુ)
યુવરાજ કાર્તિક હાથીવાલા (પૌત્ર) | યશરાજ કાર્તિક હાથીવાલા (પૌત્ર)
વંદના પંકજકુમાર જરીવાલા (પુત્રી) | ચૈતાલી સમીર કુમાર ઝવેરી (પુત્રી)
પ્રિયા રાકેશકુમાર જરીવાલા (પુત્રી)
તથા સમસ્ત હાથીવાલા પરિવાર.

બેસણું શ્રદ્ધાંજલિ



સ્વ. મંજુલાબેન અમૃતલાલ અંજીરવાલા જન્મ તા. ૩૦/૧૦/૧૯૪૪ સ્વ. તા. ૧૦/૧૦/૨૦૨૬
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારુ થાય છે અમને, મન મુકીને રડાવે અમને,
શ્રધ્ધાંજલી અર્પવા ઉપાડી કલમ, આંસુથી ભીજાય ગયા કાગળ.
પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
ૐ શાંતિ... શાંતિ... શાંતિ... ૐ.

સદ્દગતનું બેસણું
તા. ૧૨/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે એમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
પરમાત્મા આપના દિવ્ય આત્માંને શાંતિ અર્પે એજ પ્રાર્થના,

લિ. દિપકભાઈ અમૃતલાલ અંજીરવાલા
રજનીકાંત અમૃતલાલ અંજીરવાલા | અનિલભાઇ અમૃતલાલ અંજીરવાલા
કાંતિભાઇ ઇશ્વરલાલ અંજીરવાલા | નિલેશ ધનસુખભાઇ અંજીરવાલા
તથા સમસ્ત અંજીરવાલા પરિવાર....
સ્થળઃ ૧૩/એ, હરિદર્શન સોસાઈટી, કતારગામ, સુરત | મો. ૯૯૭૮૯૨૪૩૩૩